Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

| सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः |

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायतेसत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर सं. २४४४—फाल्गुन आत्म सं. २२. } अंक ८ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | અજીતનાથ પ્રભુ સ્તુતિ. ... | ૧૭૫ | ૬ | જૈનોએ પોતાની ઉન્નતિ માટે શું કરવાની જરૂર છે ? ... | ૧૯૩ |
| ૨ | પન્યાસજી મહારાજશ્રી દાનવિજયજીનું વ્યાખ્યાન. ... ... | ૧૭૬ | ૭ | સૂક્ત રત્નાવળી રહસ્ય. ... | ૧૯૬ |
| ૩ | જનમ્યાથી ન જનમ્યા ભલા કોણ ? | ૧૮૩ | ૮ | રા૦ બ૦ શેઠ નગીનદાસ ઝવેરચંદ ઝવેરીનો સ્વર્ગવાસ. ... | ૧૯[illegible] |
| ૪ | લોકપ્રિય થવાની કળા. .... ... | ૧૮૪ | | | |
| ૫ | શ્રી આદિનાથ સ્તવન રહસ્ય. ... | ૧૯૧ | | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. "

## ( શ્રીમદ ભાવવિજયજી વિરચિત. )

### તૈયાર થયેલ છે, થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

સર્વે સાધુ મુનિમહારાજા, સાધ્વીશ્રી, યતિવર્ગ અને જ્ઞાન ભંડારના વ્યવસ્થાપકોને ખબર આપવામાં આવે છે કે અમારા તરફથી એટલે બાબુ ચુનીલાલજી પન્નાલાલજી ઝવેરી તરફથી શ્રીમદ્ ભાવવિજયજીની રચેલી ટીકા સહીત શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર છપાવવામાં આવ્યું છે તે તૈયાર થઈ ગયું છે. જેની કિંમત રૂપીયા પાંચ રાખવામાં આવેલ છે માટે જેને ખપ હોય તેમણે **ભાવનગર (કાઠીયાવાડ) શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને** લખી મંગાવી લેવું જેના નામથી વી. પી. મંગાવવું હોય તેનું નામ ઠેકાણું સાફ અક્ષરે લખવું, પોસ્ટ ખર્ચ કીંમતથી જુદો સમજવો.

લી૦ **બાબુ ચુનીલાલજી પનાલાલજી ઝવેરી,**
દા૦ કચરાલાલ—**મુંબઇ.**

---

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## હાલમાં પ્રસિદ્ધ થયેલ સંસ્કૃત ગ્રંથો.

### માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

હાલમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે જેમાં નંબર ૩–૪ જેમાં કે પૂરતી દ્રવ્યની સહાય મળેલ હોવાથી મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના છે. તેમજ નંબર ૧–૨–૫–૬ માં દ્રવ્યની અર્ધ સહાય મળવાથી મુનિમહારાજ તથા જ્ઞાનભંડારને માટે મંગાવનારને મુદ્દલ કિંમતથી અડધી કિંમતે આપવામાં આવશે, અને નંબર ૭ ઐતિહાસિક ગ્રંથ હોવાથી અગાઉ માસિકમાં જણાવ્યા પ્રમાણે સર્વેને કિંમતથી આપવામાં આવશે. પોસ્ટેજ જુદું.

મુનિમહારાજાઓને નમ્રવિનંતિ છે કે તેઓશ્રીના સમુદાયના વડિલ કે ગુરૂદ્વારા કોઇપણ શ્રાવકના નામે પુસ્તકો મંગાવવા કૃપા કરવી, જેથી ઉપર જણાવ્યા પ્રમાણે પોસ્ટેજના પૈસાના વી. પી. થી મોકલવામાં આવશે. જ્ઞાનભંડારના કાર્યવાહકોએ પ્રથમ મુજબ મંગાવવા તસ્દી લેવી. મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના ગ્રંથો પૈકી વધારો રહેશે તો તે ગ્રંથો જ્ઞાનખાતું હોવાથી નીચેની કિંમતે જૈન બંધુને વેચાણ આપવામાં આવશે.

હાલમાં યુરોપમાં ચાલતી લડાઇને લીધે છાપવાના કાગળોની અતિ મોંઘવારી અને છપાવવાનો દર વધી ગએલ છતાં પુસ્તકોની કિંમતમાં બીલકુલ વધારો કરેલ નથી, પરંતુ સાહિત્યનો ફેલાવો વધારે કેમ થાય તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી કિંમત ઘણીજ ઓછી રાખવામાં આવેલ છે જે ગ્રંથો જોવાથી માલુમ પડશે.

---

અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર વિનંતિ કે ઉપર જણાવેલ તમામ ગ્રંથો મૂળ–સંસ્કૃત અને માગધી હોવાથી અને તેના ખપી જૈન બંધુઓ ભાગ્યેજ હોવાથી તેઓના ઉપયોગમાં તે ગ્રંથો નહિ આવતા હોવાથી તે તે લાઇફ મેમ્બર બંધુઓની વતી પ્રથમ મુજબ આ વખતે મુનિમહારાજાઓ વગેરેને વધારે પ્રમાણમાં ભેટ આપવામાં આવશે, કે જેને લઇને જ્ઞાનદાનના તેઓશ્રી ભાગીદાર થશે. છતાં સંસ્કૃત અને માગધી ભાષાના ખપી અભ્યાસી કોઇ જૈન બંધુ હોય તેઓશ્રી પત્ર લખી મંગાવશે તો તેમને ભેટ મોકલી આપવામાં આવશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १५ ] वीर संवत् २४४४, फाल्गुन, आत्म संवत् २२. [ अंक ८ मो.

## श्री अजीतप्रभु स्तुति.

—: શિખરણી વૃત :—

તરી ત્રાડોવાળો ભવજલનિધિ ભૂજ બળથી, અતિ સત્તા ધારી દુખદ દુર્દમ્ દાબી બળથી;
વિરોધી રોધી તેં સુખદ શિવનો માર્ગ જલદી, ગૃહ્યો જેથી રે'તી કરમ રજ વિછુટી તુજથી. ૧
વિભો! અન્તર્યામી મનન મન તું વિઘ્નહર હા! નમીને નિત્યે હું પરમ પદમાં મગ્ન બનતો;
પ્રફુલ્લે ઉર્મીથી શશિકર સમી સૌમ્ય મુરતી, નિહાળીને ત્હારી વદનદિન રે'તું જ હરખી. ૨
કરૂણાળુ શ્રી તું કૃતિ રતિ સમી કોથી ન થશે, સમાને મુદ્રાની મનની ગુણની કો નવ હશે;
તરીને તારેલાં અકળ જગના પાસથી તમે, અતિબોધીને તે રતિ અરતિ ટાળીજ અરપી. ૩
વિભુશ્રી વિશ્વેથી વિરમી વરતી વ્યોમ ધનમાં, ઉંચી કક્ષાની તે સુખદ શિવકાન્તા મન વસી;
ભલી રીતે ભ્રાન્તી જગ ભમવનારીજ ભમવી, રતિ ચાહી પાઇ અજીતજીન નમતો આ
રતિચરી. ૪

નગીનદાસ એમ. શાહ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વડોદરા શ્રીમાન્ નરેશ સમક્ષ જૈનધર્મ ઉપર

# પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજે આપેલ વ્યાખ્યાન.

( ગતાંક પૃષ્ટ ૧૬૮ થી શરૂ )

## નિરંતર ધર્મ શ્રવણ કરવારૂપ પંદરમા ગુણનું સ્વરૂપ.

હેતુભૂત તેમજ અંતમાં અનંત સુખના સ્થાનરૂપ મોક્ષરૂપી નગરમાં પહોચાડવાને માટે એક અદ્વિતીય સાધનભૂત એવો જે ધર્મ તેનું શ્રવણ કરવું, તે ધર્મના શ્રવણ કરવાથી ધર્મની વૃદ્ધિ થાય છે, તેમજ આત્માનો મુખ્ય ગુણ જે જ્ઞાન તેનો નાશકરનાર અજ્ઞાનરૂપી દુર્ગુણનો પણ નાશ થાય છે.

અજ્ઞાનં ( ઉર્ફે મુર્ખતા ) નામના દુર્ગુણનો જે પુરૂષોની અંદર વાસ છે, તે પુરૂષોની અંદર સ્વાભાવિક રીતે નીચે કહેવાતા તેનાજ સહચારી આઠ ગુણો પણ વાસ કરે છે.

मूर्खत्वं हि सखे ममापि रुचितं तस्मिन्यदष्टौ गुणाः,
निश्चिंतो बहुभोजनोऽत्रपमना नक्तंदिवाशायकः ।
कार्याकार्यविचारणांधबधिरो मानापमाने समः,
प्रायेणामयवर्जितो दृढवपुर्मूर्खः सुखं जीवति ॥ १ ॥

**ભાવાર્થ:**—એક મુર્ખ માણસ પોતાના મિત્રને કહે છે કે, હે મિત્ર! મુર્ખપણું મને બહુજ સારૂં લાગે છે, કારણ કે તેને વિષે આઠ ગુણો રહેલા છે, તેને કોઇ પણ પ્રકારની ચિંતા હોતી નથી. ૧. ઘણું કરીને બહુ ભોજન કરવાવાળો હોય છે. ૨. મનમાં કોઇપણ જાતની લજ્જા રહેતી નથી. ૩. ઘણું કરીને રાત અને દિવસ સુવાવાળો હોય. ૪. આ મારે કરવા યોગ્ય છે, અથવા આ કરવા યોગ્ય નથી, એવા પ્રકારનો જે વિચાર તે કરવાની ખાતર જેમ આંધળો અથવા બહેરો સમર્થ થઇ શકતો નથી, તેમજ ઉપરોક્ત માણસ પણ થઇ શકતો નથી. માટે તે પણ આંધા અને બહેરાની ઉપમાવાળો છે. ૫. આ મને માન આપે છે, અથવા અપમાન કરે છે, તેની ખબર નહી હોવાથી તે માણસ માન અથવા અપમાનમાં પણ સરખી વૃત્તિવાળો હોય છે. ૬. ઘણું કરીને તે માણસ રોગરહિત હોય છે. ૭. ચિંતા રહીતપણું એ તો તેનો મુખ્ય ગુણ હોવાથી તેનું શરીર પણ મજબુત હોય છે. ૮. તે આઠ ગુણોથી મુર્ખ સુખે જીવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરોક્ત મુર્ખતાના આઠ ગુણો મુર્ખ માણસ સિવાય કોઇને પણ પ્રિય હોતા નથી, માટે સજ્જનતા મેળવવાની ઇચ્છાવાળા પુરૂષે તો એ ગુણોને અંગીકાર ન કરવા. પરંતુ પ્રથમથી કહ્યું છે કે, ધર્મ છે તે જ્ઞાનનો દ્વેષી એવા અજ્ઞાનનો નાશ કરનાર છે, તો તે ધર્મરૂપી સાધનથી તે અજ્ઞાનને દૂર કરીને જગતમાં રહેલ ઘટપટાદિ પદાર્થને યથાર્થપણે જાણવા તથા હિતાહિતને પણ જાણવા માટે સહસ્ર કિરણને ધારણ કરનાર જે સૂર્ય તેના સરખાપણાને ધારણ કરનાર એવા જ્ઞાનને પ્રાપ્ત કરવું.

ઉત્તમોત્તમ પદને ભોગવનાર એવા જ્ઞાનની ઉત્તમતા શાસ્ત્રકાર ભવ્ય જીવોના હિતની ખાતર સ્વયમેવ બતાવે છે.

तृतीयं लोचनं ज्ञानं, ज्ञानं द्वितीयो दिवाकरः ;
अचौर्यहरणं वित्तं विना स्वर्णं विभूषणं ॥ १ ॥
आहारनिद्राभयमैथुनानि, सामान्यमेतत् पशुभिर्नराणाम् ।
ज्ञानं विशेषः खलु मानुषाणां ज्ञानेन हीनाः पशवो मनुष्याः ॥ २ ॥
ज्ञानाद्विदंति खलु कृत्यमकृत्यजातं, ज्ञानाच्चरित्रममलं च समाचरंति ।
ज्ञानाच्च भव्यभविनः शिवमाप्नुवंति, ज्ञानं हि मूलमतलं
सकलश्रियां तत् ॥ ३ ॥

**ભાવાર્થ;**—જ્ઞાન ત્રીજું લોચન છે, તેમજ જ્ઞાન બીજો સૂર્ય છે, અને જ્ઞાન ચોરથી પણ ચોરી ન શકાય તેવું ધન છે. તથા સોના વિના પણ વિભૂષણભૂત છે.

આહાર ૧, ભય ૨, નિદ્રા ૩, મૈથુન ૪, આ ચાર વસ્તુઓ મનુષ્યની માફક પશુઓમાં પણ રહેલી છે, માટે આ ચારની સાથે મનુષ્ય તથા પશુની સરખામણી કરીએ તો મનુષ્યમાં તથા પશુમાં કોઇપણ જાતનો ફરક નથી, પરંતુ મનુષ્યની અંદર પશુ કરતાં અધિક એકજ જ્ઞાન કહેલ છે. અર્થાત્ જે મનુષ્યોની અંદર જ્ઞાનરૂપી સૂર્ય વિદ્યમાન હોય, તેજ મનુષ્ય ગણત્રીમાં આવી શકે છે, પરંતુ જે મનુષ્યોની અંદર જ્ઞાનરૂપી સૂર્ય અસ્તપણાને પામી ગયેલ છે તે પુરૂષો કેવળ આકૃતિથી જ મનુષ્ય ધર્મવાળા કહી શકાય છે, પરંતુ વાસ્તવિક રીતે તો તેઓને પશુનીજ ગણત્રીમાં ગણી શકાય છે.

આ જગતમાં ભવ્ય પ્રાણીઓ જ્ઞાનથકીજ આ કરવા યોગ્ય છે, અને આ કરવા યોગ્ય નથી, એમ વસ્તુને જાણી શકે છે. તથા નિર્મલ એવા આચારને અંગીકાર કરે છે, અને જ્ઞાન થકી મોક્ષનગરને મેળવે છે અર્થાત્ આ લોકમાં રાજ્યલક્ષ્મ્યાદિ સંપત્તિઓ તથા પરલોકમાં સ્વર્ગાદિની સંપત્તિઓ તેમજ અંતમાં મોક્ષરૂપી લક્ષ્મી આ સર્વ સંપત્તિઓનું જ્ઞાન છે તેજ કોઇની સાથે સરખામણી ન કરી શકાય એવું અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વિતીય સાધન છે. ઉપરોક્ત અનેક ગુણે કરી વિભૂષિત જ્ઞાન કલ્પવૃક્ષ સરીખા ધર્મ શ્રવણથી થાય છે માટે હમેશાં ધર્મ શ્રવણ કરવો.

---

## અજીર્ણ હોય ત્યાં સુધી ભોજન નહીં કરવારૂપ સોળમા ગુણનું સ્વરૂપ.

પ્રથમ જે ભોજન કરેલ હોય, તે જ્યાં સુધી પાચન ન થાય, ત્યાં સુધી ભોજન કરવું નહી, અને જો કરે, તો તેનાથી અજીર્ણની ઉત્પત્તિ થાય, તેમજ અજીર્ણ થવાથી નાના પ્રકારના રોગોની શરીરમાં ઉત્પત્તિ થાય, ઘણું કરીને રોગોત્પત્તિનું મુખ્ય કારણ અજીર્ણજ છે. વૈદક ગ્રંથમાં કહેલું છે કે:—

પ્રથમ કરેલ આહાર પાચન થયા પછી ભોજન કરવું. એ સંપૂર્ણ વૈદક શાસ્ત્રનો સાર છે એમ આત્રેય નામના પંડિતે વસંતપુર નામના નગરના જીતશત્રુ રાજાની આગળ કહેલ છે. તે કથા નીચે મુજબ:—

એક અતિ રમણીય એવું વસંતપુર નામનું નગર હતું. તે નગરમાં અનેક ગુણે કરીને અલંકૃત એવો જીતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો. હવે એક વખતે તે રાજાને શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા થવાથી બોલાવેલા ચાર પંડીતો લાખ લાખ શ્લોકના પ્રમાણવાળા ગ્રંથો લઇને આવ્યા. ત્યારે રાજાએ કહ્યું કે, આટલું બધું સાંભળવાને મને વખત નથી, તો કંઇ ટુંકમાં મને સંભળાવો. તે સાંભળીને પંડિતોએ તે લાખ શ્લોકના પ્રમાણવાળા ગ્રંથોનો ભાવાર્થ પચીસ પચીસ હજાર શ્લોકમાં લાવીને તેટલા પ્રમાણવાળા ગ્રંથો લઇને આવ્યા. ત્યારે પણ તેવોજ ઉત્તર મળવાથી લાખ શ્લોકનો ભાવાર્થ જેમાં આવેલ છે, એવા હજાર શ્લોકના પ્રમાણવાળા બનાવીને લાવ્યા. તો પણ મને વખત નથી. એમ કહેવાથી તેઓએ સો સો શ્લોકના પ્રમાણવાળા બનાવીને લાવ્યા. છતાં પણ વખત નથી એવો ઉત્તર મળવાથી અંતમાં ચારે પંડિતોએ ભેગા મળીને એક શ્લોક બનાવ્યો. તે નીચે મુજબ:—

जीर्णे भोजनमात्रेयः कपिलः प्राणिनां दया ।
बृहस्पतिरविश्वासः पांचालः स्त्रीपु मार्दवम् ॥ १ ॥

ભાવાર્થ:—પ્રથમ આત્રેય નામનો પંડિત કહે છે કે, પ્રથમ કરેલ ભોજન પાચન થયા પછી ભોજન કરવું. એ વૈદક ગ્રંથનો પરમાર્થ છે. કપિલ નામનો પંડિત કહે છે કે, સર્વ પ્રાણી માત્રની દયા પાળવી એ પણ બધા ધર્મ શાસ્ત્રોનું પરમ રહસ્ય છે. બૃહસ્પતિ નામનો પંડિત કહે છે કે કોઇનો પણ વિશ્વાસ ન કરવો, એ નીતિ શાસ્ત્રનો સાર છે. પાંચાલ નામનો પંડિત કહે છે કે, સ્ત્રીઓ ઉપર કોમળતા રાખવી, પરંતુ તેનો અંત લેવો નહીં. એ કામ શાસ્ત્રનો પરમાર્થ છે. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી વૈદ્યકશાસ્ત્રનો સંપૂર્ણ સાર એજ છે કે, **પાચન થયા પછી ભોજન કરવું,** તેથી શરીરમાં રોગાદિક પેદા થતા નથી.

## હમેશાં વખત પ્રમાણે પથ્યાપથ્યનો વિચાર કરીને ભોજન કરવારૂપ સત્તરમા ગુણનું સ્વરૂપ.

સોળમા ગુણમાં પ્રથમ કરેલ ભોજન પાચન થયા પછી ભોજન કરવું કહ્યું. તે ભોજન પણ ભૂખ લાગે ત્યારે અને લોલુપતા આદિનો ત્યાગ કરી તેમજ હિતકારી મિત ભોજન કરે, પરંતુ સારું અને મિષ્ટ ભોજન હોવાથી તેમાં આસક્તિ થવાથી અધિક ભોજન ન કરે, કારણકે તેમ કરવાથી વમન, દસ્ત આદિ ઉપદ્રવ થાય અને કોઇ વખત મરણ પણ થઇ જાય, તેમજ અતિ ક્ષુધા પણ સહન ન કરવી. કારણ કે તેમ કરવાથી જઠરાગ્નિ પ્રબળ થઇ શરીરનો નાશ કરે છે. તેમજ અતિ શ્રમથી શ્રમિત થયેલા માણસે પણ તરતજ ભોજન ન કરવું, તેમ કરવાથી પણ શરીરમાં રોગની ઉત્પત્તિ થાય છે. તેમજ પોતાના શરીરને પ્રતિકુલ (એટલે પાચન ન થાય તેવું) ભોજન ન કરવું, તેમ કરવાથી પણ શરીરને ઘણીજ હાનિ થાય છે, માટે ઉપરોક્ત હાનિકારક ભોજનનો ત્યાગ કરીને વિધિ પ્રમાણે એટલે જેમ રાત્રિમાં સૂક્ષ્મ જીવો દેખી શકાતાં નથી તેમજ અંધકારવાળા સ્થાનમાં પણ ન દેખી શકવાથી રાત્રિ તથા અંધકારવાળા સ્થળમાં ભોજન કરવું નહીં. રાત્રિમાં અનેક સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે અને તે અતિ સૂક્ષ્મ હોવાથી તેઓનો ભોજનની સાથે સંયોગ થાય છે, અને તે જીવોએ કરીને વ્યાપ્ત એવું ભોજન શરીરમાં જવાથી શરીરમાં નાના પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થાય છે, અને વ્યાધિઓના પ્રબળપણાથી શરીર પોતાની ફરજો બજાવવામાં અસમર્થ બની જાય છે. શરીર અસમર્થ થવાથી આત્મહિતમાં સાધનભૂત એવી ધર્મરૂપ ફરજ પણ બજાવી ન શકે માટે પોતાથી બનતા પ્રયાસે રાત્રિ ભોજનનો ત્યાગ કરી દિવસે તેમજ પ્રકાશવાળા સ્થાનમાંજ ભોજન અંગીકાર કરવું. નાના પ્રકારના જંતુઓ ભોજનદ્વારાએ શરીરમાં જવાથી અનેક વ્યાધિઓ ઉત્પન્ન કરે છે. તે વિષયમાં કહ્યું છે કેઃ—

मेहं पिपीलियाओ हणंति, वमणं च मच्छिया कुणइ ।
जुया जलोदरं तु, कोलियओ कोढरोगं च ॥ १ ॥
वालो सरस्स भंगो कंटोलगइ गलंसि दारुं च ।
तालुम्मि विंधइ अली, वंजण मज्झम्मि भुजंतो ॥ २ ॥

**ભાવાર્થ**:—કીડીઓ ભોજનમાં આવે તો બુદ્ધિનો નાશ કરે છે, અને જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માખી આવે તો વમન કરાવે છે, તેમજ જુ આવે તો જલોદર નામનો રોગ ઉત્પન્ન થાય છે, અને જો કરોળીયો આવે તો કોઢનો રોગ ઉત્પન્ન થાય છે, અને જો વાળ આવે તો સ્વરનો નાશ કરે છે, તેમજ બોરડી આદિ વૃક્ષનો કાંટો તેમજ લાકડાનો ટુકડો આવે તો કંઠમાં વાગે તેમજ પીડાને ઉત્પન્ન કરે છે, તેમજ શાકની અંદર વીંછી આદિ પદાર્થ આવે તો તાળવાને વિંધી નાખે છે. ઇત્યાદિ ઘણા દુઃખોની ઉત્પત્તિ રાત્રિભોજનથી થાય છે માટે તેનો ત્યાગ કરવો તેજ સજ્જન પુરૂષોનું કર્ત્તવ્ય છે.

તેમજ મદિરાપાન પણ આ લોક તથા પરલોકમાં દુઃખનું આપનાર હોવાથી કોઇ પણ વખત તે અંગીકાર કરવું નહીં. કહ્યું છે કેઃ—

मदिरापानमात्रेण बुद्धिर्नश्यति दूरतः ।
वैदग्धींबंधुरस्यापि दौर्भाग्येणेव कामिनी ॥ १ ॥
पापाः कादंबरीपानविवशीकृतचेतसः ।
जननीं हा प्रियीयंति जननीयंति च प्रियां ॥ २ ॥
मद्यपस्य शवस्येव लुठितस्य चतुःपथे ।
मूत्रयंति मुखे श्वानो व्यात्ते विवरशंकया ॥ ३ ॥
मद्यपानरसे मग्नो नग्नः स्वपिति चत्वरे ।
गूढं च स्वमभिप्रायं प्रकाशयति लीलया ॥ ४ ॥

**ભાવાર્થ**:—જેમ દૌર્ભાગ્યના દોષથી સ્ત્રી નાશી જાય છે તેમ ચતુર પુરૂષ હોય તો પણ મદિરાનું પાન કરવાથી બુદ્ધિ દૂરથી નાશી જાય છે. મદિરા પાનથી પરવશ ચિત્તવાળા પાપી પુરૂષો પોતાની માતાને સ્ત્રી તરીકે માને છે, અને પોતાની સ્ત્રીને માતા કરી માને છે, તેમજ રાજમાર્ગમાં મદિરાપાનથી બેભાન થઇને મુખને પણ ખુલ્લું કરીને પડેલા એવા માણસને કુતરાઓ આ પર્વતની ગુફા છે એમ માનીને તેના મુખમાં પેશાબ કરે છે, અને મદિરાપાનના રસમાં મગ્ન થએલો પુરૂષ નગ્ન થઇને માર્ગની વચ્ચે સુઇ જાય છે, અને પોતાની છાની વાત પણ લીલા માત્રમાં પ્રગટ કરે છે. અર્થાત્ મદિરા પાનથી કૃત્યાકૃત્યનું ભાન રહેતું નથી. માટે આ ભવમાં અપકીર્તિના ભાજનભૂત બને છે, અને એ બેભાનના વશપણાથી ન કરવા યોગ્ય કામને પણ કરે છે તેથી પરભવમાં પણ દુર્ગતિરૂપ મહાદુઃખને પામે છે, માટે મદિરા પાન તો સજ્જન પુરૂષોને અવશ્ય વર્જનીય જ છે.

માંસ ભોજન પણ મહાપાપનું કારણ હોવાથી ત્યાગ કરવાને યોગ્ય છે. માંસના ભોજન કરવાવાળા જીવોમાં દયા રહે નહીં. કહ્યું છે કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चिरकादिषति यो मांसं प्राणिप्राणापहारतः ।
उन्मूलयत्यसौ मूलं दयाख्यं धर्मशाखिनः ॥ १ ॥

ભાવાર્થ:—જે માણુસ જીવોના પ્રાણોને હરણ કરીને માંસ ખાવાની ઇચ્છા રાખે છે તે માણુસ ધર્મરૂપી વૃક્ષના દયારૂપી મૂલને ઉખેડી નાખે છે.

જીવોને મારનાર માણુસ એકલો જ જીવહિંસાના પાપનો ભાગીદાર નથી પરંતુ માંસ ખાનાર તેમજ જીવહિંસા કરાવનાર માણસો પણ ભાગીદાર છે. કહ્યું છે કે:—

हंता पलस्य विक्रेता संस्कर्ता भक्षकस्तथा ।
क्रेतानुमंता दाता च घातका एव यन्मनुः ॥ १ ॥

ભાવાર્થ:—એક મનુ નામના વિદ્વાન્ પણ કહે છે કે-શસ્ત્રાદિકે કરીને નિર્દયપણાથી અરણ્યમાં રહેલું ઘાસ તથા સરોવરના પાણી થકી પોતાના શરીરની પુષ્ટિ કરતા અને સંતોષથી રહેતા એવા નિરપરાધી હરિણાદિ જીવોનો ઘાત કરનાર, તથા માંસનો વેચનાર, તેમજ માંસનો સંસ્કાર કરનાર, તેમજ તેના ભક્ષણને કરનાર, તેમજ માંસનો ખરીદ કરનાર, તેમજ તેવા હિંસારૂપી કુકર્મ કરીને માંસને પેદા કરનારની શ્લાઘાને કરનાર, તેમજ પોતાને ત્યાં આવેલા અતિથીઓને માંસ આપનાર આ સાતે માણસો ઘાતક કહેવાય છે.

કેટલાક માંસ ભક્ષણમાં રસિક બનેલા માણસો પોતાના કાર્યની શ્લાઘા કરાવવાની ઇચ્છાવાળા હોવાથી માંસ ભક્ષણમાં કંઇ પણ દૂષણ નથી; કારણ કે જેમ ચોખા આદિ પદાર્થો પ્રાણીનું અંગ છે તેમ આ પણ પ્રાણીના અંગથીજ ઉત્પન્ન થાય છે એમ કહે છે. આ તેનું કહેવું કોઇ પણ રીતે યોગ્ય નથી. કહ્યું છે કે:—

भक्षणीयं सतां मांसं प्राण्यंगत्वेन हेतुना ।
ओदनादिवदित्येवं येचानुमिमते जडाः ॥ १ ॥
गोसंभवात्ते मुत्रं पयोवन्न पिबंति किम् ।
प्राण्यंगतानिमित्ता च नौदनादिषु भक्ष्यता ॥ २ ॥
शंखादिशूचितास्थ्यादिप्राण्यंगत्वे समे यथा ।
ओदनादि तथा भक्ष्यमभक्ष्यं पिशितादिकं ॥ ३ ॥
यस्तु प्राण्यंगमात्रत्वात् प्राह मांसौदने समे ।
स्त्रीत्वमात्रान्मातृपत्न्योः स किं साम्यं न कल्पयेत् ॥ ४ ॥
पंचेद्रियस्यैकस्यापि वधे तन्मांसभक्षणात् ।
यथा हि नरकप्राप्तिर्न तथा धान्यभोजनात् ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**:—ચોખાદિકની માફક પ્રાણીનું અંગ હોવાથી સત્પુરૂષોને માંસ ભક્ષણ કરવા યોગ્ય છે, આ પ્રમાણે કેટલાક જડબુદ્ધિવાળા પુરૂષો અનુમાન કરે છે તે ઉચિત નથી; કારણ કે ચોખાદિ ભક્ષ્ય છે તેમાં પ્રાણીનું અંગ હેતુ નથી. જો પ્રાણીના અંગનો હેતુ માનતા હોય તો ગાય થકી ઉત્પન્ન થએલું દૂધ તેમજ મુત્ર બંનેમાં પણ પ્રાણી અંગ હેતુ એક સરખોજ છે, છતાં દૂધની જેમ મુત્રનું પાન શા માટે કરતા નથી. હાડકાં તથા શંખ આદિ પદાર્થો પ્રાણીના અંગમાં પણ સરખાં છે, પરંતુ શંખને પવિત્ર માની લોકો અંગીકાર કરે છે અને હાડકાંને અંગીકાર કરતા નથી તેની માફક ચોખા આદિ ધાન્ય ભક્ષણ કરવા લાયક છે, અને માંસાદિ અભક્ષણીય છે. માંસાદિ અભક્ષ્યણીય છે એવું સિદ્ધ કરનાર અને વળી સર્વ માણસોને માન્ય એવું ઉદાહરણ પણ એક વિદ્યમાન છે. જેમ પોતાને પ્રિયમાં પ્રિય એવું માણસ જે માતાપિતા ભાઈ અથવા સ્ત્રી કે જેના સિવાય ક્ષણવાર પણ ચાલી શકતું ન હોય, તે માણસના શરીરમાંથી ચેતન પદાર્થનો વિલય થઈ જાય, અને શરીર કેવળ મરેલ હરિણાદિના સરખું અર્થાત્ શબ રહે તેનો સ્પર્શ પણ થવાથી લોકો સ્નાન કરે છે તો પછી હરિણાદિ મરેલ જીવોનું ભક્ષણ કરવું એ કઇ રીતિથી ઘટી શકે ? અર્થાત્ નજ ઘટી શકે એટલે તે અભક્ષણીયજ છે. વળી જે ભોળા અલ્પજ્ઞ પુરૂષો પ્રાણીના અંગ માત્રથી ચોખા આદિ અનાજને તેમજ માંસાદિને સરખાં માને છે તે પુરૂષો દરેક સ્ત્રીઓમાં સ્ત્રીપણું સરખું હોવાથી કેવળ સ્ત્રીપણાને અંગીકાર કરીને પોતાની માતા તથા સ્ત્રીને સરખારૂપે માની જેવી ચેષ્ટા પોતાની સ્ત્રીની સાથે કરે છે તેવીજ ચેષ્ટા પોતાની માતા સાથે કેમ કરતા નથી ? તેમજ એક પણ પંચેંદ્રિય જીવના વધથી તથા માંસ ભક્ષણ કરવાથી જેમ પરલોકમાં નરકની પ્રાપ્તિ થાય છે તેમ ધાન્યના ભક્ષણથી નરકની પ્રાપ્તિ થતી નથી. માટે માંસ અને અનાજની સરખામણી કોઇ પણ રીતે થઈ શકતી નથી. માટે બન્નો સરખા ગુણવાળા નથી પરંતુ ધાન્ય છે તે ભક્ષણીય છે અને માંસ અભક્ષણીય છે.

આ માંસ સજ્જન પુરૂષોને કોઇ પણ રીતે ભક્ષણીય નથી એવો ઉપદેશ યુક્તિપુર્વક ઘણાજ વિસ્તારથી યોગશાસ્ત્રમાં પૂજ્યપાદ સૂરીશ્વર શ્રીમાન્ હેમચંદ્રસુરિ મહારાજે સંસારરૂપી સમુદ્રમાંથી ભવ્ય પ્રાણીઓના ઉદ્ધાર કરવાની ખાતર કરેલ છે. માટે સજ્જન પુરૂષોએ આ માંસ ભક્ષણનો બનતા પ્રયાસે ત્યાગ કરવો. અને ભોજનકાલમાં પથ્યાપથ્યનો ( એટલે આ મારે ભક્ષણીય છે અથવા અભક્ષણીય છે તેનો ) વિચાર કરી અપથ્ય ભોજનનો ત્યાગ કરી પથ્ય પદાર્થનું ભક્ષણ કરવું.

આજકાલ તમાકુ જેવો પદાર્થ કે જેને પક્ષી, કુતરાં, બિલાડાં, ઉંદર આદિ જીવો પણ ખાતા નથી તેમજ ગાય, ભેંસ, ઘોડા, ગધેડાં, બકરાં, ઉંટ આદિ જાનવરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અંગીકાર કરતાં નથી. વળી લોકોમાં પણ કહેવત છે કે 'ઉંટ મુકે આકડો ને બકરી મુકે કાંકરો' અર્થાત્ બકરી તો સર્વ પદાર્થનું ભક્ષણ કરવાવાળી છે છતાં પણ તમાકુનું ભક્ષણ કરતી નથી. કોઇ પશુ આદિ તેનું ભક્ષણ નહીં કરતાં હોવાથી તમાકુના ક્ષેત્રને વાડ પણ કરવામાં આવતી નથી. તેમજ તેના ક્ષેત્રમાં ચંચા પુરૂષ રાખવાનું પણ કામ પડતુ નથી. એટલુંજ નહિ પરંતુ ઉન જેવાં વસ્તુ કે જેને ઉધેહી, જલદીથી લાગે છે પણ તેમાં જો તમાકુ નાખી રાખવામાં આવે તો ઉધેહી લાગતી નથી. અર્થાત કોઇ પણ તેને અંગીકાર કરતું નથી, એને મનુષ્યો અંગીકાર કરે છે, એ શું ઉચિત છે! આજકાલ વિદ્યાર્થીઓ કે જેઓને કાંઇ પણ ગુણ કે દોષની ખબર પડતી નથી. તેઓ પણ દેખાદેખીથી સુંઘવા તથા પીવા માંડે છે. તે શું યોગ્ય છે? તેતે પીનાર માણસોના કાળજામાં ચાંદી પડે છે ઈત્યાદિ ઘણા દોષોની ઉત્પત્તિ તમાકુથી થાય છે, તેના ઘણા દુષણો જાણીને કેટલાક પુરૂષો-દ્રષ્ટાંત તરીકે શીખલોકો આદિ પ્રાયઃ તમાકુને સ્પર્શ પણ કરતા નથી. ઇત્યાદિ કારણોથી તમાકુ પદાર્થ પણ અંગીકાર કરવા લાયક નથી. ઇત્યાદિ વિચાર કરી પથ્ય વસ્તુ ગ્રહણ કરવી.

—અપૂર્ણ.

# (જન્મ્યાથી ન જન્મ્યા ભલા કોણ?)

લેખકઃ—તંત્રી ડહાપણ—જામનગર.

(હરિગીત.)

જેણે ન ચાખ્યો પ્રેમરસ આખી અહાહા! ઉમરમાં,
જેણે ન કીધું કૃત્ય કંઇ, ઉપકારનું આ અવનિમાં;
જેણે ભર્યા કેવળ અરે, અપયશતણા શિર પોટલા,
એવા ખરે નર ખલકમાં, જન્મ્યાથી નવ જન્મ્યા ભલા. ૧

* * *

જેણે થઇ ધનવાન રંકતણી, ન દાદ સુણી કંઈ,
જેણે થઇ વિદ્વાન જ્ઞાનનું લ્હાણું ક્યાંય કીધું નહિ;
જેણે ચઢી હોદ્દે મહા, પીડ્યા જનો જે જે ભલા,
એવા ખરે નર ખલકમાં, જન્મ્યાથી નવ જન્મ્યા ભલા. ૨

* * *

જેણે દીધો નરદેહ તે જગતાતને જે વિસરતા,
જેણે દીધું વળી જીવન તે ભુમાતને પણ ભૂલતા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેને નથી પ્રિય કંઇ અરે, સાહિત્ય, સંગિત કે કલા,
એવા ખરે નર ખલકમાં જન્મ્યાથી નવ જન્મ્યા ભલા. ૩

* * *

જેણે ઉછેરી જન્મથી, મ્હોટા કર્યાં કષ્ટો સહી,
જેણે અરે નિજ પ્રાણથી પ્યારા ગણી પોષ્યા વળી;
તેનેજ જે સંતાપતા, જાણી અરે જીવતી બલા,
એવા ખરે નર ખલકમાં, જન્મ્યાથી નવ જન્મ્યા ભલા. ૪

* * *

જેણે ન સેવ્યા સંત જન, પ્રાણાંત તક આ પૃથ્વીમાં,
જેણે ગુમાવ્યું વ્યર્થ આયુઃ જન્મીને આ અવનિમાં;
જેણે કર્યાં કૃત્યો કુડાં, ગણુતાં ગણાય ન તેટલાં,
એવા ખરે નર ખલકમાં, જન્મ્યાથી નવ જન્મ્યા ભલા. ૫

# લોકપ્રિય થવાની કળા.

( લેખક-વિઠ્ઠલદાસ મૂળચંદ શા. બી. એ. ભાવનગર )

" The power to please is a great success asset. It will do for you what money will not do. It will often give you capital which your financial assets alone would not warrant. People are governed by their likes and dislikes. We are powerfully influenced by a pleasing, charming personality. A persuasive manner is often irresisltble. Even judges on the bench feel its fascination. "

( અન્યને પ્રસન્ન કરવાની શક્તિ એ લોકપ્રિય થવાની અર્થાત્ સમાજમાં વિજય પ્રાપ્ત કરવાની એક મહાન કળા છે. દ્રવ્યથી જે સાધ્ય ન થઇ શકે તે તેનાથી તમે સાધ્ય કરી શકશો. તેનાથી તમે માત્ર આર્થિક સંપત્તિ કરતાં વધારે વૈભવ પ્રાપ્ત કરશો. રૂચિકર અને અરૂચિકર વસ્તુઓ લોકો પર સામ્રાજ્ય ભોગવે છે. એક રમ્ય અને આનંદપ્રદ વ્યકિતને આપણે સંપૂર્ણ આધીન થઇએ છીએ છીએ. એક આકર્ષક અને પ્રોત્સાહક રીતભાત ઘણી વખત અનિવાર્ય અને દુર્ધર્ષ થઇ પડે છે. ન્યાયાસન પર બેઠેલા ન્યાયાધીશો પણ તેની મોહિનીને વશ થાય છે. )

લૅાર્ડ ચેસ્ટરફીલ્ડે બીજાને પ્રસન્ન કરવાની કળાને એક મહાન બક્ષીસ તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણી છે. તે એક મહાન શકિત છે. જો તમારે લોકપ્રિય થવાની ઇચ્છા હોય તો લોકોને રૂચિકર અને અનુકૂળ થાય તેવી વૃત્તિ ધારણ કરવી જોઇએ. અને વિનોદી અને ચિત્તરંજક સ્વભાવના થવું જોઈએ. તમારા સહવાસથી લોકોને આનંદ નહિ થાય તો તેઓ તમારાથી દૂર રહેવા યત્ન કરશે. પરંતુ જો તમારો સ્વભાવ માયાળુ અને આનંદી હશે, જો તમે દરેક દિશામાં પ્રકાશ પ્રસરાવી શકતા હશો કે જેથી કરીને લોકો તમારાથી દૂર નાસી જવાને બદલે તમારા મેળાપને માટે અવિચ્છિન્ન યત્ન કરશે, તો લોકપ્રિય થવાનું કાર્ય તમને લેશ પણ મુશ્કેલી ભર્યું જણાશે નહિ. લોકોને તમારા પ્રતિ આકર્ષવાનો સૌથી સરલ અને ઉત્તમ માર્ગ એ છે કે તમે તેઓમાં અને તેઓનાં કાર્યોમાં ઉલ્લાસથી રસ લ્યો છો એમ તેઓને ખાતરી કરાવવી જોઇએ. આ કાર્ય તમારે ખરા અંતઃકરણપૂર્વક કરવું જોઇએ, નહિંતો તેઓ તમારા દંભ અને છલકપટને સત્વર શોધી શકશે. એક યુવક જે કાંઇ કરે છે અને ભવિષ્યમાં કરવા ધારે છે તેમાં તમને ખરેખરો રસ પડે છે એમ ખાતરી કરાવવાથી તેનું હૃદય તમે જેવું જીતી શકો છો તેવું બીજા કશાથી થવું અશકય છે. તમે લોકોથી દૂર રહેશો તો તેઓ તમારાથી દૂર રહેશે એમાં જરા પણ સંદેહ નથી. તેમજ જો તમે હમેશાં તમારા પોતાના વિષે અને તમારા અદ્‌ભૂત કાર્યો વિષે વાતો કરશો તો તમે જોશો કે લોકો તમારાથી દૂર રહેવા યત્ન કરશે. આનું કારણ એ છે કે તેમ કરવાથી તમે તેઓને ખુશી કરતા નથી. તમે તેઓના કાર્યોમાં રસ લેવાનું અને તેઓના વિષે વાતો કરવાનું શરૂ કરો એમ તેઓની આશા અને ઇચ્છા હોય છે.

જો તમે સદા શોગીયો ચ્હેરો ધારણ કરશો, જો તમારો સ્વભાવ ચ્હીડીયો હશે તો તમારા સેવકવર્ગમાં અને અન્ય જનોમાં પ્રિય નથી થઈ પડતા તેથી તમારે આશ્ચર્ય પામવા જેવું નથી. પ્રત્યેક માણસને આનંદી ચ્હેરો પસંદ છે. આપણને હમેશાં પ્રકાશમાં રહેવુંજ ગમે છે અને આપણે અંધકારમાંથી નાસી જવા ઇચ્છીએ છીએ.

ઘણા માણસો એમ ધારે છે કે ખરેખરી કેળવણી અને સંસ્કૃતિનો મોટો ભાગ કેવળ દંભ અને ઢોંગજ હોય છે; તેઓ એવી દલીલ કરે છે કે જો કોઈ માણસ પ્રમાણિક હોય અને જો તે શ્રેષ્ઠ ગુણોથી અલંકૃત અને સત્યનિષ્ટ હોય તો તેના બાહ્ય વિરૂપ દેખવાની ગણના કર્યા વગર લોકો તેને માન આપશે અને તે લોકપ્રિય થઈ પડશે આ દલીલ અમુક અંશેજ સાચી છે. અનાવિદ્ધ અને અસંસ્કૃત રત્નના વિષયમાં જે સત્ય લાગુ પડે છે તે અસંસ્કૃત મનુષ્યના વિષયમાં પણ લાગુ પડે છે. રત્નનું મૂલ્ય ગમે તેટલું હોય તોપણ કોઇ માણસને અસંસ્કૃત રત્નો ધારણ કરવા ગમશેજ નહિ. કોઇ માણસ પાસે આવા રત્નો લાખો રૂપિયાની કિંમતના હોય તો પણ જ્યાંસુધી તે સંસ્કૃત અને સ્વચ્છ થયેલા નહિ હોય ત્યાંસુધી કોઈ તેની કિંમત કરશે નહિ. બીન અનુભવી દ્રષ્ટિ આવા રત્નો અને પત્થરના કટકાનો ભેદ જોઈ શકશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. હીરકારના હાથમાં ગયા પછી તેમાંથી જે સૌંદર્ય અને ચળકાટ નીકળે છે તેના પ્રમાણમાં જ તેની કીંમત અંકાય છે. તેવીજ રીતે કોઇ માણસ અનેક પ્રશસ્ય ગુણોથી વિભૂષિત હોય, પરંતુ જો તેઓ વિરૂપ બાહ્ય દેખાવથી આચ્છાદિત થયેલ હશે તો તે ગુણો તેઓના અંતર્ગત કિંમતથી રહિત થઇ જશે માત્ર તિક્ષ્ણ અવલોકન શકિતવાળા માણસો અને ચારિત્ર્યના પ્રવીણ પરીક્ષકોના જ જોવામાં તે ગુણો આવશે. જેમ અનાવિદ્ધ અને અસંસ્કૃત રત્નની કિંમત સંસ્કારથી જ થાય છે તેમ અસંસ્કૃત મનુષ્યરત્નની કિંમત કેળવણી રૂપી સંસ્કારથી થાય છે.

કોઇ પણ મનુષ્ય વિષે જે સારા અથવા ખરાબ વિચારો પ્રથમથી બંધાઇ ગયા હોય છે તે બદલવાનું કાર્ય અત્યંત કઠિન છે. આપણે કોઇને પ્રથમ વખત મળીએ છીએ ત્યારે કેટલી ત્વરાથી મન પોતાનું કાર્ય કરે છે તે આપણે સમજી શકતા નથી. આપણાં નેત્રો અને કર્ણ આસપાસનું બધું જોવામાં અને સાંભળવામાં ગુંથાય છે; ત્યારે આપણું મન વિચારનાં ત્રાજવા ઉપર તે માણસની તુલના કરવામાં પ્રવૃત્ત થાય છે. મન ઘણીજ ત્વરાથી પ્રત્યેક શબ્દ, પ્રત્યેક કૃતિ અને પ્રત્યેક રીતભાતને ગ્રહણ કરી લે છે. અને આપણો અંતિમ વિચાર ત્વરાથી બંધાય છે એટલું જ નહિ પરંતુ એવો મજબૂત બંધાય છે કે તે પુરૂષના પ્રથમ ચિત્રને સર્વથા વિસરી જવાનું અત્યંત મુશ્કેલ અને લગભગ અસંભવિત થઇ પડે છે. બેદરકાર અને ચાતુર્યરહિત લોકો પોતે જે છાપ પહેલી બેસાડે છે તે લુપ્ત કરવા માટે યત્ન કરવામાં પોતાના સમયનો મોટો ભાગ ગાળે છે. તેઓ નમ્રતાપૂર્વક ક્ષમા યાચે છે અને દરેક બાબતનું સ્પષ્ટિકરણ કરે છે, પરંતુ એ ક્ષમા અને સ્પષ્ટિકરણથી જોઇએ તેવી અસર થતી નથી; કેમકે તે અસર પ્રથમ બેસાડેલી છાપના સબળ અને સચોટ ચિત્ર કરતાં એટલેબધે અંશે નિર્બળ હોય છે કે અનેક યત્નો કરવા છતાં ઉક્ત છાપ લુપ્ત થતી નથી. તેથી અભ્યુદયની આકાંક્ષા રાખનાર પ્રત્યેક યુવકે બીજાના મન ઉપર પોતે જે છાપ પાડે છે તેની અત્યંત સંભાળ રાખવાની ખાસ આવશ્યકતા છે; કારણકે પ્રથમ પાડેલી ખરાબ છાપથી જીવનના આરંભકાળમાં જ અપયશ અને નિંદાને પાત્ર થવાનો સંપૂર્ણ સંભવ છે. જો તમે બીજાના હૃદય ઉપર એવી છાપ પાડશો કે તમે એક મનુષ્ય છો, તમારૂં મનુષ્યત્વ અન્ય સર્વ વસ્તુઓથી ઉત્કૃષ્ટ છે, તમારી પ્રમાણિકતા, સત્યનિષ્ટા અને ઉદારતા તમારા બીજા સઘળા ગુણો કરતાં અધિક પ્રાધાન્ય અને ઉચ્ચતર પદ ભોગવે છે, અને તમે જે કંઇ બહાર દર્શાવો છો તેની પાછળ જો લોકો ખરેખરો મનુષ્ય જોઇ શકે છે તો તમે જગતના વિશ્વાસપાત્ર અને પ્રેમપાત્ર બનશો જ, એ વાત નિર્વિવાદ છે.

હું એક વ્યક્તિને જાણું છું—એ પ્રકારના બીજા હજારો હશે—જે શું કારણથી લોકો તેનાથી દૂર રહે છે તે સમજી શકતો નથી. તે કોઇ સામાજીક સંમેલન અથવા મેળાવડામાં જાય છે તો તે બેઠો હોય છે તે સ્થળેથી દરેક માણસ દૂર ચાલ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે. જ્યારે બીજા લોકો પ્રકીર્ણ વાર્તાવિનોદથી અથવા હસાહસથી આનંદ અનુભવતા હોય છે ત્યારે તે પોતે એક ખુણામાં મૌનભાવ ધારણ કરી એકલો બેસી રહે છે. જો દૈવયોગે કોઈ અકસ્માત્‌થી તે આકર્ષણના મધ્યકેન્દ્રમાં પહોંચે છે તો એક પ્રકારનું મધ્યકેન્દ્ર ત્યાગી બળ તેના પર સત્તા ચલાવે છે, અને તેને તેના એકાંત ખુણામાં પુન: ઘસડી જાય છે. તેને કવચિત્ કોઈ સ્થળે આમંત્રણ કરવામાં આવે છે. તે સમાજમાં કે મેળાવડામાં ઠંડા બરફના કટકા જેવોજ લાગે છે. તેનામાં કશી ઉષ્ણતા નથી. તેમજ તે લેશમાત્ર આકર્ષણ શક્તિ ધરાવતો નથી. આ માણસની અપ્રિયતાનું કારણ તેને પોતાને પણ અગમ્ય અને અગોચર છે. તે એક મહાન્ શક્તિ ધરાવનાર પુરૂષ છે, જબરો કાર્ય કરનાર છે અને જ્યારે તેનું દૈનિક કાર્ય પૂર્ણ થાય છે ત્યારે આરામ લેવાની અને અન્ય માણસોની સાથે સંમિલિત થઇ તેઓના સમાગમનો લાભ લેવાની ઇચ્છા રાખે છે; પરંતુ જે આનંદ અને આરામની તેને ઉત્કંઠા છે તે પ્રાપ્ત કરવા તે અસમર્થ બને છે. બીજા લોકો પોતાને તજી દે છે, પોતાનાથી અલગ રહે છે તે જોઇને તેને અતિશય શોચ થાય છે. પોતાની શક્તિનો દશાંશ પણ નહિ ધરાવનારા લોકો જ્યાં જાય છે ત્યાં સન્માન પામે છે તે તેને ખેદનો વિષય થઇ પડે છે. તેને વિચાર પણ આવતો નથી કે કેવળ સ્વાર્થપરાયણતા જ લોકપ્રિયતા થવામાં મુખ્યત્વે કરીને આડે આવે છે. તે નિરંતર પોતાની જાતનો જ વિચાર કરે છે. બીજાને સહાયભૂત થવા ખાતર અને તેઓના કાર્યમાં રસ લેવા ખાતર પોતાની જાતને અને પોતાના ધંધાને તે એક ક્ષણ પણ વિસારી શકતો નથી. જ્યારે જ્યારે તમે તેની સાથે વાતમાં જોડાશો ત્યારે ત્યારે હરવખત તે પોતાના સંબંધી અને પોતાના વ્યાપાર વિષયક વાત તરફ તમને ખેંચી જવાને યત્ન કરતો માલૂમ પડશે. લોકપ્રિય થવામાં તેને અંતરાયભૂત થનાર બીજી એ બાબત છે કે તે આકર્ષણનું રહસ્ય જાણતો નથી. પ્રત્યેક વ્યક્તિ એક લોહચુંબક છે તે વાત તેના જાણવામાં નથી. જે માણસ અહોનિશ પોતાની જાતનો જ વિચાર કરે છે તે એક પ્રકારનું આત્મ–લોહચુંબક બને છે. જેથી તે પોતાના શિવાય અન્ય કોઇને પોતાના તરફ આકર્ષી શકતો નથી. ઘણાં મનુષ્યો દ્રવ્ય–લોહચુંબક બને છે. તેઓ દ્રવ્યવિષયક વિચારો એટલા બધા લાંબા સમય સુધી કરે છે કે તેઓ દ્રવ્ય સિવાય બીજી કોઇ પણ વસ્તુને પોતાના પ્રતિ આકર્ષી શકતા નથી. કેટલાક મનુષ્યો અનિતિવાન, અધર્મી અથવા વિષયી હોય છે તેનું કારણ એ કે તેઓએ પોતાને અનિતિ, અધર્મ અથવા વિષયવાસનાના લોહચુંબક બનાવ્યા હોય છે.

બીજી બાજુએ જોઇએ તો ચિત્તની અને ચારિત્ર્યની એટલી બધી ચારૂતા ધરાવનાર પુરૂષો અને સ્રીઓ હોય છે કે જે કોઇ તેઓના સમાગમમાં આવે છે તેઓના હૃદયમાં તે સહુની સાથે નિકટ સંબંધ હોય એવી લાગણી અને ઉર્મિ ઉદ્દભવે છે. આસપાસના સર્વ લોકો તેઓને અંત:કરણપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાહે છે અને એક અવાજે તેઓની પ્રશંસા કરે છે. આવા ઉદાત્ત અને અને વિશાળ હૃદયવાળા સ્ત્રીપુરૂષોને માટે સૌ કોઈના હૃદયમાં પ્રેમ અને માનની લાગણી ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે, કેમકે તેઓ સૌનાપર સમાન પ્રેમપૂર્ણ દ્રષ્ટિ રાખે છે. તેઓ એવા પ્રકારના લોહચુંબક છે કે જે સર્વ કોટિના લોકોને આકર્ષી શકે છે, તેઓ સર્વને પોતાના જાણી આકર્ષવાને પુરતા વિશાળ અને વિસ્તૃત છે. તેઓ તે સર્વમાં રસ લે છે, તે સર્વ પ્રકારના કાર્યમાં આનંદથી ભાગ લે છે; ટુંકામાં તેઓ પ્રત્યેક માટે સરખી લાગણીવાળા હોય છે.

અનુકૂળ પરિસ્થિતિમાં સ્વભાવત: આપણે કોઈ મનુષ્યના પ્રધાનગુણોની અને તેની આસપાસની સર્વ હકીકતની તુલના કરીએ છીએ. આપણે તેના મુખ્ય ગુણો જોઈ શકીએ છીએ, તેમજ તે ઉચ્ચ વા નીચ કોટિનો છે તે તરતજ જાણી શકીએ છીએ. વળી તેના ઉપર અન્ય માણસો પ્રેમ રાખે છે અને તેના તરફ આકર્ષાય છે કે તેનાથી દૂર જાય છે તે પણ આપણા જાણવામાં તરતજ આવે છે.

જ્યાંસુધી માણસ કેવળ સ્વાર્થપરાયણ અને પોતાની જાતનાજ વિચારો કર્યા કરે છે ત્યાંસુધી તે બીજાઓ માટે આકર્ષણ બળ ધરાવે એ અસંભવિત વાત છે. સૌ તેને ત્યજી દેશે અને કોઇ તેના તરફ પ્રેમપૂર્ણ દ્રષ્ટિથી જોશે નહિ, કોઈ તેને સ્વેચ્છાથી શોધશે નહિ અને તે પોતાને જેવા પ્રકારનું લોહચુંબક બનાવે તે પર સર્વ વાતનો આધાર છે. જે ક્ષણે તે બીજા માટે માન અને પ્રેમની લાગણી અને બીજાના કાર્યમાં રસ બતાવવાનો આરંભ કરશે કે તેજ ક્ષણે તે આકર્ષણ બળના ગુણોથી સંપન્ન થશે અને સૌને પોતાના પ્રતિ આકર્ષવા સમર્થ બનશે. જેટલા પ્રમાણમાં તે બીજાના કાર્યમાં રસ લેશે, તેટલાજ પ્રમાણમાં તે તેઓને પોતાના તરફ આકર્ષી શકશે. તે બીજાના હિતમાં ખરેખરા અંતઃકરણપૂર્વક રસ લેશે અને પોતાને પોતાના કાર્ય સંબંધી વાતચીતનું મધ્યબિંદુ બનાવવાનો યત્ન ત્યજી દેશે કે તેજ વેળાએ બીજા લોકો પણ તેનામાં રસ લેવા લાગશે. સર્વ મનુષ્યોપર સમાન દૃષ્ટિ અને પ્રેમભાવ રાખવા તેજ લોકપ્રીતિ સંપાદન કરવાનો અમોઘ માર્ગ છે. કેવળ આત્મભાન અને સ્વાર્થપરાયણતાના બંધનને પ્રેમભાવ તોડી નાંખશે. પોતાની જાતના વિચાર કરવાનું વિસ્મરણ કરો અને બીજામાં રસ લેવાનું શરૂ કરો; બીજાને માટે પ્રેમભાવ, માનની લાગણી, તેઓને સાહાય્ય કરવાની ખરેખરી ઇચ્છા કેળવો અને પરિણામે લોકપ્રિય થવાના તમારા પ્રયત્નો ફળીભૂત થશે એ નિઃસંદેહ છે.

ઘણા લોકોથી માણસો અલગ રહેવા મથે છે તેનું મુખ્ય કારણ એ છે કે તેઓ પોતાનેજ સર્વસ્વ માને છે અને અહોનિશ પોતાના કાર્યમાંજ મગ્ન રહે છે. આ પ્રમાણે તેઓએ ઘણા લાંબા સમયસુધી જીવન વ્યતીત કર્યું હોય છે, જેથી તેઓએ બાહ્ય જગતની સાથેનો સર્વ સંબંધ અને સહાનુભૂતિ ગુમાવી દીધાં હોય છે. ઘણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત સુધી આંતરિક-એકાંતજીવન ગાળ્યું હોવાથી તેઓને બાહ્યજીવન અશકય લાગે છે. તેઓના સમજવામાં નથી આવ્યું હોતું કે કેવળ સ્વાર્થપરાયણ એકાંત-જીવનથી અને વર્ષો સુધી બીજામાં રસ નહિ લેવાથી તેઓની આકર્ષણશક્તિનો સર્વતર નાશ થઇ ગયો છે, અને તેઓની લાગણીઓ એટલી બધી હદે સુકાઇ ગઈ હોય છે કે તેઓ કોઈપણ પ્રકારની શક્તિ અથવા ઉષ્ણતા ઉત્પન્ન કરવાને તદ્દન શક્તિહીન બની ગયા છે. આવા માણસો હાજરી માત્રથી આસપાસના વાતાવરણમાં સર્વત્ર શૈત્ય પ્રસરી રહે છે.

મનુષ્યનું નૈસર્ગિક બંધારણજ એવું છે કે તે એકલો રહી શકતોજ નથી. તેના ઉત્તમોત્તમ જીવનનો ઘણોખરો ભાગ તે બીજાઓ પાસેથીજ મેળવે છે; તે બીજાના સહવાસ વગર રહી શકતો નથી, અને જ્યારે તે બીજાનો સહવાસ ત્યજી દે છે ત્યારે લગભગ તેનું અર્ધ બળ ગુમાવે છે; એવો એક નિયમ છે કે બીજાના પરિચયમાં આવી જ્યારે માણસ જાણે છે કે પોતાની અને અન્યની વચ્ચે જીવનોપયોગી અને અગત્યનો સંબંધ છે, તેઓના વિચારો અને જીવન પોતામાંથી વહે છે-ઉછળે છે અને પોતાના વિચારો અને જીવન તેઓમાંથી વહે છે ત્યારેજ તેને મોટો કહી શકાય છે.

દ્રાક્ષના ગુચ્છ વૃક્ષપરથી કાપી નાંખવામાં આવે છે કે તરતજ તે ચીમળાવા લાગે છે, જેનાથી તેનું પોષણ થાય છે તે લઇ લેવામાં આવે છે કે તેજ ક્ષણે તે તદ્દન નિરસ, શુષ્ક અને નિઃસત્વ થઈ જાય છે. જે ગુણ ગુચ્છમાં રહેલો છે તે દ્રાક્ષના વૃક્ષના ભૂમિ સાથેના સંબંધથી તેની અંદર આવે છે, અને જ્યારે તે પોષણ અને બળના સાધનોનો ઉચ્છેદ કરવામાં આવે છે, ત્યારે તે પ્રાયશઃ મૃતવત્ થઇ જાય છે. જગત્રૂપી મહાન દ્રાક્ષલતા ઉપર માણસ એક ગુચ્છ સમાન છે. તેના સહચારીથી તે અલગ રહેવા લાગે છે કે તરત તે ચીમળાવા લાગે છે. મનુષ્ય જાતિના એકીભાવમાંજ એવી કંઇ વિલક્ષણતા છે. જેવી રીતે હીરાના પરમાણુઓને એકબીજાથી ભિન્ન કરવાથી તેમાં રહેલા સંયુક્તપણાના ગુણનો નાશ થાય છે; તેવીજ રીતે સમષ્ટિથી અલગ રહેવાથી વ્યક્તિને આત્મશક્તિનું ભારે નુકશાન સહન કરવું પડે છે. જે અણુઓનો હીરો બનેલો હોય છે તે અણુઓના સંયુક્તપણામાં-અભિન્નત્વમાંજ હીરાનું મૂલ્ય સમાયલું છે. જે ક્ષણે તે અણુઓને એકબીજાથી ભિન્ન કરવામાં આવે છે તેજ ક્ષણે તે નિરૂપયોગી અને નિર્મૂલ્ય થઇ જાય છે, તેજ પ્રમાણે એક શક્તિવાન મનુષ્ય પોતાની શક્તિનો ઘણો ભાગ તેના સહચારીઓના સમાગમથી પ્રાપ્ત કરતો હોવાથી તેઓને પરસ્પર ભિન્ન કરવામાં આવે તો તે શક્તિ રહિત-નિર્બળ બની જાય છે.

જેવી રીતે મનુષ્યને શરીરપોષક ભોજનના ભિન્નભિન્ન પદાર્થોની જરૂર છે તેવીજ રીતે તેનું માનસિક ભોજન પણ વિવિધ પ્રકારનું હોવાની જરૂર છે. માનસિક ભોજનની આવી સામગ્રી ભિન્નભિન્ન રૂચિ અને પ્રકૃતિના લોકોના સમાગમમાં આવવાથી ઉપલબ્ધ થઇ શકે છે. કોઇ પણ માણસને તેના સમૂહમાંથી-મંડળમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિયુક્ત રાખવામાં આવે તો તે તત્કાળ અવનત થવા લાગે છે. સ્વાનુભવથી જોઇ શકાયું છે કે જે બાલકોને અન્ય મનુષ્યોના સહવાસથી અનેક વર્ષો સુધી અલગ રાખવામાં આવ્યા છે તેઓ ક્રમશઃ એવી અધોગતિને પામ્યા છે કે આખરે તેઓ તદ્દન જડબુદ્ધિ અને મૂર્ખ બની ગયા છે. જે ગુણ અને સામર્થ્ય માણસ બીજા પાસેથી ગ્રહણ કરે છે તેના પ્રમાણમાં તે ગુણવાન અને શક્તિવાન બને છે. બીજા શબ્દોમાં કહીએ તો જેટલા પ્રમાણમાં તે બીજા સાથે સામાજીક, માનસિક અને નૈતિક સમાગમમાં આવે છે તેટલા પુરતો તે શક્તિવાન છે અને જેટલે દરજ્જે તે બીજાથી અલગ રહે છે તેટલે દરજ્જે તે નિર્બળ છે.

બાહ્ય જગત્‌ની સાથેનો સર્વ સંબંધ અને વાસ્તવિક રીતે તેઓનો પરસ્પર વ્યવહાર તોડી નાંખીને કેવળ એકાંત સ્થળમાં રાખીને વ્યક્તિઓને અસીમ નીતિબળ ધરાવનારા બનાવવાનો કેટલાક દેશોમાં યત્ન કરવામાં આવ્યો છે; પરંતુ જેમ માનુષી એકી ભાવની નૈસર્ગિક યોજનામાં વિક્ષેપ કરનારી અન્ય સર્વ યોજનાઓ નિષ્ફલ નિવડી છે, તેમ ઉક્ત પદ્ધતિ પણ નિષ્ફલ નિવડી છે.

મગજ અને મગજની વચ્ચે, આત્મા અને આત્માની વચ્ચે અમુક પ્રકારની શક્તિ રહેલી છે, જેનું માપ કરતાં આપણને આવડતું નથી. પરંતુ તે શકિત ઉત્તેજીત કરવાનું, બાંધવાનું અથવા તોડી નાંખવાનું સામર્થ્ય ધરાવે છે. આ જગત્‌માં મનુષ્યના મનને પોષણ અને બળ આપે અને નવીન ચૈતન્ય પ્રેરે એવા સહસ્રાવધી સ્થળો છે, અને તે સ્થળો બંધ કરવાથી પરિણામ એ આવશે કે મનોબળ તદ્દન ક્ષીણ અને નિર્બળ થઇ જશે. મનુષ્યની પાંચ ઇન્દ્રિયો એક પ્રકારનાં સાધન અથવા માર્ગ છે. જે દ્વારા અંતઃસ્થ આત્માને સર્વ બાહ્ય વસ્તુનું જ્ઞાન પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત બીજી કેટલીક અગોચર અને પરોક્ષ શકિત છે જેનું કાર્ય હમેશાં મનને પ્રકાશિત અને તેજસ્વી કરવાનું છે. જે પોષક તત્ત્વનું આત્મા સર્વ સ્થળેથી ગ્રહણ કરે છે તે તત્વથીજ આપણે ટકીએ છીએ અને દિનપ્રતિદિન પ્રગતિ કરીએ છીએ. પરંતુ આ તત્વનું માપ અથવા તોલન કરવાનું કાર્ય પ્રત્યક્ષ બાહ્યેંદ્રિયોની શક્તિની બહાર છે. આપણે નેત્ર અથવા કર્ણદ્વારા જે ગ્રહણ કરીએ છીએ તે નેત્ર અથવા કર્ણના સ્નાયુદ્વારા આપણામાં આવતું નથી. કોઇ સર્વોત્તમ ચિત્રમાંથી જે મહાન વસ્તુ આપણામાં પ્રવેશે છે, તે કપડાપરના રંગમાં, કે આકૃતિમાં નથી હોતી પરંતુ તે સર્વની પાછળ રહેલા ચિત્રકારમાં છે, એક અજબ અને અદ્દભૂત શક્તિ જેનો ચિત્રકારના વ્યક્તિત્વમાં નિવાસ છે અને જે તેણે અનુભવેલી અને ગ્રહણ કરેલી સઘળી વસ્તુઓનો એકંદર સરવાળો છે. આ અજબ શક્તિની પ્રાપ્તિ કલ્પના શકિતદ્વારા અંતરાત્માને થાય છે. જે શક્તિનું માપ કરવા જ્ઞાની વિના કોઈ પણ મનુષ્યમાં સામર્થ્ય નથી. (અપૂર્ણ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી પદ્મવિજયજી મહારાજ કૃત પ્રથમ જિનેશ્વર સ્તવન*
## ( સરહસ્ય ).

# श्री आदीनाथ स्तवन.

प्रथम जिनेश्वर प्रणमीए, जास सुगंधी रे काय;
कल्पवृक्षपेरे तास इन्द्राणी नयन जे, भृंगपेरे लपटाय. प्र० १

**ભાવાર્થ:**—જે પ્રભુની કાયા કલ્પવૃક્ષનાં પુષ્પની જેવી સુગંધી-ખુશબોદાર હોવાથી દેવાંગનાઓનાં નેત્ર તેના ઉપર ભમરાની પેરે લોભાય છે-આકર્ષાય છે, અર્થાત્ પ્રભુની મુખમુદ્રાના વારંવાર દર્શન કરવા અને પ્રભુની સેવા કરવા લલચાય છે. તે પ્રથમ જિનપતિશ્રી રિષભદેવને અમે શુદ્ધ મન વચન કાયાવડે પ્રણામ કરીએ છીએ. પ્રભુ સર્વસામાન્ય કેવળીઓના પણ નાયક છે. આ સ્તવન શ્રીમદ્ હેમચંદ્ર આચાર્ય કૃત વીતરાગ સ્તોત્ર 'प्रियङ्गु स्फटिक स्वर्ण' ઇત્યાદિનો ખાસ કરીને અનુવાદ છે. તેનું રહસ્ય નહિ જાણવાથી કંઈક ભાઈ બ્હેનો જિનમંદિરાદિકમાં તે અર્થશુન્ય અને અશુદ્ધ બોલે છે એવો સાક્ષાત્ અનુભવ અનેક વખત થયાથી શબ્દ અને અર્થ ઉભયની શુદ્ધિ થવા પામે એવા શુભ આશયથી અત્ર કંઈક પ્રયાસ કરવામાં આવ્યો છે. ૧.

रोग उरग तुझ नवी नडे, अमृत जे आस्वाद;
तेहथी प्रतिहत तेहमांनु कोई नवी करे, जगमां तुम शुं रे वाद. प्र० २

**ભાવાર્થ:**—દિવ્ય અમૃત રસના આસ્વાદનથી, શરીરમાં થયેલી પુષ્ટિવડેજ પ્રતિહત-પ્રતિબંધન-યાવત્ પરાભવ પામી અટકી ગયા હોય તેમ હે નાથ!

---

* નોટ-શાસ્ત્રકારોએ કથન કરેલું છે કે, જિનેશ્વર ભગવાનના ગુણગ્રામ કરવાથી અનંત કર્મની કોટીઓ ખપે છે અને તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે, જેથી તેનેજ લઈને ભાવપૂજા-ચૈત્યવંદનમાં પરમાત્માના સ્તવન, સ્તુતિ વિગેરે મનઃ શુદ્ધિથી કરવામાં આવે છે. આ સ્તવન, સ્તુતિ વગેરે શુદ્ધ રીતે અને અર્થના ચિંતવન સાથે કરવામાં આવે તો ધારેલું ફળ પ્રાણી સત્વર મેળવે છે, હાલ તો ઘણે સ્થળે જૈન બંધુઓ તથા બ્હેનો તરફથી સાંભળવામાં આવતા તેવા સ્તવનો પ્રાયેઃ અશુદ્ધ રીતે બોલાતા દેખાય છે, તેનું કારણ ધર્મ જ્ઞાનની ન્યુનતા, ભાષા શૈલી જાણવાની ખામી છે, જ્યાં તેવી ખામી છે ત્યાં અર્થના જાણપણાની તો વાતજ શી કરવી? આવી સ્થિતિ હોવાથી બાળજીવોના ઉપકાર નિમિત્તે મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજે શુદ્ધ અને સરલ ભાષામાં અર્થ લખી તે પ્રસિદ્ધીમાં મુકવા કરેલી આજ્ઞાથી ઉપર મુજબ સ્તવન તથા તેનું રહસ્ય અહીં આપવામાં આવે છે, જે પ્રમાણે બરાબર સમજી તેનો ઉપયોગ કરવામાં આવશે, તો પ્રસિદ્ધ કરનારનો હેતુ ફળીભૂત થયો ગણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપના શરીરમાં વિવિધ રોગ રૂપ સર્પના સમૂહ પ્રવેશ કરી સંચરી શકતા નથી. મતલબ કે આપ પ્રથમ જન્મથીજ રોગમુક્ત રહો છો. ૨.

**वगर धोई तुज निरमली, काया कंचनवान;**
**नहि प्रस्वेद लगार तारे तुं तेहने, जेह धरे ताहरुं ध्यान. प्र० ३**

**ભાવાર્થ:**—હે પ્રભુ ! આપની કાયા વગર ધોયે પણ, કંચનની જેવી શુદ્ધ (આ સ્તવનમાં મુખ્યપણે પ્રભુના સહજ (મૂળ) ચાર અતિશયોનું વર્ણન, વીતરાગ સ્તોત્રમાંના આગળ પાછળ શ્લોકનાજ આધારે કરેલ જણાય છે. બીજા અતિશયોનું એજ રીતે વર્ણન શાન્તિ, નેમિ અને પાર્શ્વપ્રભુના સ્તવનમાં સ્પષ્ટ કરેલું છે.) નિર્મળી, કોઈ પણ પ્રકારના અશુચિ મળ અને પરસેવા વગરનીજ હોય છે. (તેથી તે કોને આશ્ચર્ય ન પમાડે ?) આપનું અનન્યભાવે (એકાગ્રપણે) સ્વરૂપ ચિન્તન કરનારને આપ તારો છો—આપના પુષ્ટાલંબને તે તરે છે. ૩

**" राग गयो तुझ मन थकी, तेहमां चित्र न कोय;**
**रुधिर आमिषथी राग गयो तुझ जन्मथी दूध सहोदर होय. " प्रथम० ४**

**ભાવાર્થ**—આપના અંતરમાંથી રાગ-દ્વેષ ગયો (નાસી, અલોપ થઇ ગયો) તે કરતાં આપના રકત (લોહી) અને માંસમાંથી રાગ-રંગ એટલે રતાશ જતી રહી અને તે બંને ગાયના દૂધ જેવા ઉજ્વળ--શ્વેત બની ગયાં એ વિલક્ષણ વાત અતિ આશ્ચર્યકારક અમને જણાય છે.

**" श्वासोश्वास कमळ समो, तुझ लोकोत्तर वात;**
**देखे न आहार निहार चर्मचक्षु धणी, एहवा तुझ अवदात. " प्रथम० ५**

**ભાવાર્થ**—આપના શ્વાસોશ્વાસના વાયુ પણ કમળની જેવા સુગંધી હોય છે અને આપ જે આહાર નિહાર કરો છો તે નરી આંખે કોઇ જોઇ શકે નહિ, કેવળ દિવ્ય ચક્ષુ-જ્ઞાનચક્ષુ વડેજ તે દેખી શકાય એ બધી આપની અલૌકિક વાતો સાંભળનારને ચમત્કાર ઉપજાવે એવી છે. ૫

**" चार अतिशय मूळथी, ओगणीश देवना कीध;**
**कर्म खप्याथी अगीयार, चोत्रीश एम अतिशया, समवायंगे प्रसिद्ध. प्र० ६ "**

**ભાવાર્થ**—આ ઉપર જણાવ્યા મુજબ ચાર અતિશયો તો મૂળ એટલે પ્રભુના જન્મથીજ, સહજ સ્વાભાવિક-પ્રકૃતિ સિદ્ધજ હોય છે, તે ઉપરાન્ત પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયે છતે દેવકૃત અતિશય ઓગણીશ અને અન્ય એકાદશ અતિશય મળી સર્વે ચોત્રીશ અતિશય થાય છે, જેનું વર્ણન સમવાયાંગ સૂત્રમાં સ્પષ્ટ કરેલું છે. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" जिन उत्तम गुण गावतां, गुण आवे निज अंग;
पद्मविजय कहे एह समय प्रभु पाळजो, जेम थाउं अखय अभंग.
प्रथम० ७ "

**ભાવાર્થ**—જિન એટલે રાગદ્વેષ મોહાદિકને જીતી લેનાર સર્વ સામાન્ય કેવલી તેમાં શ્રેષ્ઠ એવા જિનેશ્વર તેના કેવળજ્ઞાન દર્શનાદિક ઉત્તમ ગુણોને ગાતા–સ્તવતા–ચિન્તવતાં એવાજ ઉત્તમ ગુણ આપણને પ્રાપ્ત થવા પામે. શ્રીપદ્મવિજયજી મહારાજ કહે છે કે હે પ્રભુ! હું અક્ષય અને અભંગ એવું મોક્ષપદ પામું એમ પ્રાર્થું છું તે સફળ કરશો. ઇતિશમ્.

# જૈનોએ પોતાની ઉન્નતિ અર્થે શું કરવાની જરૂર છે?

આ વિશ્વક્રમ અથવા પરિસ્થિતિનું ચક્ર જમાનાને અનુસરીને ચાલે છે. જમાનો મોટા મોટા પરિવર્તનો કરી શકે છે. એક સમર્થ વિદ્વાન લખે છે કે-"જન સમૂહના વિકારો અને વિચારો જમાનામાંથી સ્ફુરી આવે છે. જેઓ આગ્રહથી જમાનાના વિકારોને અને વિચારોને તાબે થતા નથી, તેઓ અવનતિને માર્ગે આવી પડે છે. સાંસારિક જીવનનું કેંદ્ર વિચારો છો. વિચારોને લઇને કેટલીએક પ્રેરણાઓ થાય છે, જે પ્રેરણાઓથી મનુષ્ય પોતાની પ્રવૃત્તિ કરે છે. પરંતુ તે પ્રેરણાઓની સાથે સારાસારતાનો વિવેક રાખવો, એ મનુષ્યે ધ્યાનમાં રાખવાનું છે. એ વિવેકને લઇને ભવિષ્યને માટે હેય કે ઉપાદેયના સંકલ્પ થઈ આચાર તથા વિચારનો નિર્ણય કરવો એ પરિપકવ બુદ્ધિનું ચિન્હ છે. આવે ક્રમે વિચારતાં જમાનાને અનુસરી પ્રવૃત્તિ કરનારાઓ ઉન્નત જીવન મેળવી શકે છે. આ વિશ્વક્રમમાં એજ પ્રકારે ઉન્નત જીવન સિદ્ધ થતું આવે છે, તે આપણે જોઈ શકીશું. જમાનાને અનુસરી થયેલા વિકારો, વિચારો, પ્રેરણાઓ અને બુદ્ધિના પરિપાકમાં જીવનની ઉન્નતિના ક્રમ રચાએલા છે. આ ઉપરથી જૈનોને સમજવાનું કે, તેમણે પોતા જીવનનો ક્રમ જમાનાને અનુસરી પ્રવર્ત્તાવવો જોઇએ. પોતાનામાં ઉન્નતિ માટે પ્રયત્ન પૂરેપૂરો કરવો જોઇએ. જ્યારે જમાનાના વિચારોની સ્ફુર્તિ થશે ત્યારે તેમનામાં ઉન્નતિને આપનારૂં તેજ વૃદ્ધિ પામશે. જમાના સાથે તન્મય થઇ ગયેલા અંતઃકરણમાંથી વિના પ્રયાસે નીકળતા વિચારો તેમને ઉન્નતિના પ્રવાહમાં દોરી જશે.

સાંપ્રતકાલે જૈનોની સ્થિતિ વિચિત્ર થઈ પડી છે. પુરાણ અને નવીન ભાવનાની વચ્ચે તેમને ઝોળા ખાવું પડે છે. આ ઝોળા ખાવાથી તેમની સ્થિતિ ઉભય ભ્રષ્ટ જેવી થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગઇ છે. આથી તેમના ધર્મમાં કે સંસારમાં ચેતના, તેજ, પ્રતિભા કે સૌંદર્યતા આવતા નથી. એક તરફ તેમને જમાનાનો ધક્કો લાગે છે, ત્યારે બીજી તરફ પુરાણી ભાવનાનો ધક્કો લાગે છે. એ પુરાણી ભાવના પણ શુદ્ધ રહી નથી. અનેક જાતના હાનિકારક રીવાજો અને અયોગ્ય વ્યય કરવાના ફરજીયાત પ્રવર્ત્તનોથી તે પુરાણી ભાવના પણ તદ્દન અશુદ્ધ થઈ ગઇ છે. આથી જૈન વર્ગને મોટી હાનિ થઇ છે. જૈનોએ પોતાના વ્યવહાર તરફ દૃષ્ટિ કરવી જોઇએ. તેમના વ્યવહારમાં પુરાણી ભાવના અને નવીન ભાવનાની શુદ્ધિ રહી નથી. તેમની પ્રવૃત્તિ કઢંગી થઇ ગઇ છે. પુરાણી શુદ્ધ પ્રવૃત્તિ તો કાળના ઘસારામાં બહુ દિવસ ન ટકતાં તે ભુલાઇ–ભુંસાઈ ગઇ છે. પરંતુ સુભાગ્યે ચાલતા જમાનાના કેટલાએક સંસ્કારો લાગવાથી તે ભાવનાનું સ્મરણ થાય છે અને સાથે પશ્ચાત્તાપ પણ ઉદ્દભવે છે. હવે તેમણે જમાનાનો રંગ ચડાવી પાછા સતેજ કરવા જોઇએ. આપણી પુરાણી ભાવના જેવી તેવી નથી. તેના કેટલાએક શુદ્ધ સંસ્કારો હજુ આપણને જૈન તરીકે ઓળખાવે છે. ભગવાન્ શ્રી વીર પ્રભુ, તેમના ગણધરો અને તે પછીના સૂરિવરોએ જૈન પ્રજાના કલ્યાણને માટે જે કરેલું છે; તે હજુ છિન્ન ભિન્ન થતાં પણ જીવંત રહી શકયું છે. તે મહાત્માઓએ દયાલુતાથી દુનિયાને દાન કરેલા વિચારો મૃત્યુ પામ્યા નથી, એ વિચારો અમર છે. તેમના અંતઃકરણમાં ઉદિત થયેલો આધ્યાત્મિક તથા વ્યવહારિક સ્ફુર્તિનો સૂર્ય હજુ પોતાના કિરણોને પ્રકાશી રહ્યો છે. હવે આપણે એ કિરણોના પ્રકાશને જમાનાના પ્રકાશ સાથે મિશ્રિત કરી વધારવો જોઇએ, એથી આપણને નવું જીવન મળશે, અને તેથી આપણે આપણો ઉદ્ધાર કરી શકીશું.

પ્રત્યેક જૈને વિચારવાનું છે કે, તેમના ધર્મના વિચારો કેવા ઉચ્ચ આશયવાળા છે? તેમના આચાર–વિચાર કેવા સર્વોત્તમ અને ભાવનાવાળા છે? સાંપ્રત કાલે તેની શી દશા છે? આપણા જૈનોને ધર્મ પ્રિય છે, આપણાં પ્રાણ ધર્મ છે અને ધર્મ આપણું સર્વસ્વ છે, પરંતુ આપણે ધર્મના સ્થુલ રૂપ ઉપર જ મોહ પામીએ છીએ. તેના અદ્દભુત અને સુધારક સૂક્ષ્મ સ્વરૂપનો વિચાર કરતા નથી. આપણાં ધર્મના સૂક્ષ્મ વિચારોની સ્ફુર્ત્તિ આપણામાં પ્રગટ થતી નથી. અર્વાચીનકાળના આપણા કેટલાએક મહાન્–આચાર્યોના ચારિત્ર જીવન થોડા હતા. પ્રાચીન કાળની જેમ તેમના ચારિત્ર જીવન દીર્ઘ ન હતા, પરંતુ તેઓ થોડા વખતમાં વધારે કલ્યાણ કરી શકયા તેનું ખરૂં કારણ શું? તેમના ધાર્મિક સૂક્ષ્મ વિચારોમાં વહેતી સ્ફુર્ત્તિજ. એ સ્ફુર્ત્તિના કિરણો ઘણાં સતેજ હતા. એ સ્ફુર્ત્તિની વાણી પણ જીવંત છે. અત્યારે પણ આપણે એમના તે જીવંત વાણીના વિચારો વાંચીને કે આસ્થાપૂર્વક સાંભળીને નવું જીવન મેળવી શકીએ છીએ. આપણે હવે એ ધર્મ તથા વ્યવહારના સૂક્ષ્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપવાળા વિચારો હૃદયમાં ધારણ કરવા જોઈએ. એ વિચારોથી આપણા હૃદયમાં ઉન્નતિરૂપી ચેતનની જ્યોત પ્રગટશે અને આપણી સન્મુખ જે અંધકાર પ્રસરી રહ્યું છે, તેનો તે નાશ કરશે અને આપણો ધર્મ અને વ્યવહાર શુદ્ધ સ્વરૂપે પ્રકાશશે.

અહિં આપણે ખાસ એટલું વિચારવાનું છે કે, આપણા ધર્મના કરતાં આપણો આચાર-વિચાર-વ્યવહાર વધારે વિષમ બની ગયો છે. અને તે માર્ગની અંદર દુઃખદાયક કાંટાઓ આવી પડ્યા છે, તેને દૂર કરવાની પૂરેપૂરી આવશ્યક્તા છે. જ્યાંસુધી એ કાંટાઓ દૂર કરવામાં નહીં આવે, ત્યાંસુધી આપણને આપણા વ્યવહારનો આનંદ આવશે નહીં; આપણો આનંદકારક વ્યવહાર દુઃખદાયક બની ગયો છે. જે આપણો સંસાર આર્યસંસારમાં નમુનારૂપ ગણાતો હતો, જેમાં અમૃતરૂપ શુદ્ધ પ્રેમની શેરો છુટતી હતી, અને જે કર્મ ભૂમિના ઉચ્ચ ક્ષેત્ર રૂપે ગણાતો હતો, તે સંસાર અત્યારે અધમ દશામાં આવી પડ્યો છે. તેમાં ઉદ્વેગ, ભય, નાઉમેદી અને દુર્બળતાની થપ્પરો આપણને વાગ્યા કરે છે, તેથી આપણને તે ખારો ઝેર થઇ પડયો છે, અને તેનાથી આપણે તદ્દન કંટાળી ગયા છીએ; અને આપણે નિરાશ થયેલા, દુર્બળ બની ગયેલા અને સંકટો તથા મુશ્કેલીઓથી ગળી જઇ હીંમત હારી બેશી ગયા છીએ. હવે આપણે પુનઃ જાગ્રત થવાની જરૂર છે. જમાનાના તત્વમાંથી આપણે નવું જીવન મેળવવું જોઇએ. આપણી પુરાણી ભાવનાના સૂક્ષ્મ સ્વરૂપને ઓળખી તેને જમાનાના શુદ્ધ સ્વરૂપ સાથે મિશ્રિત કરી તેમાંથી આપણે ઉચ્ચ નવનીત મેળવવું જોઇએ, તે નવનીત આપણા વિષમ બનેલા વ્યવહારને સુધારશે, એટલે તેથી દુઃખથી તપેલા આપણા મનને શાંતિ મળશે, હૃદયમાં ચેતન રેડી અખૂટ સામર્થ્યનો ઝરો ઉત્પન્ન કરશે, અને ચિત્તને ઉત્તેજન આપી આપણા જીવનને ઉંચે ઉંચે દોરી જશે.

પ્રિય ધર્મબંધુઓ ! આ વાત તમારા હૃદયપટ ઉપર ધારણ કરજો, તમારા ધર્મનાયકો અને પ્રવર્ત્તકોના ચેતનાદાયક બોધવચનોને હૃદયમાં ધારણ કરી તેનું મનનકરજો. એ મહાત્માઓના ઉપદેશના મંત્રો માત્ર સ્મરણ કરવાથી તમારા હૃદયની દુર્બળ મનોવૃત્તિઓને તોડી નાંખશે, તે તમારી અજ્ઞાનતાની શ્યામિકાને ધોઇ નાંખી હૃદયમાં સ્ફુર્ત્તિના ઝરો વ્હેવરાવશે. તમારા ધર્મના મહાત્માઓની વાણી તમારી આશાઓને પૂરનારી કામધેનુ છે, તેનાથી તમારા ઉભય લોકની કામનાઓ પૂરી થશે અને તેથી તમારા જૈનત્વનો ખરો મહિમા જગત્માં વિખ્યાત થશે.

આપણે વિચારવું જોઇએ કે, આપણા ધર્મના નેતાઓએ દેશકાલાનુસાર વર્ત્તન કરવા ઉપદેશ્યું છે, તેમની ઉપદેશવાણીમાં જમાનાને સ્થાન આપવામાં આવ્યું છે, અને તેમ કરી પોતાની આશ્રિત પ્રજાને અપાર સુખની ભોક્તા કરવા તીવ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્કંઠા દર્શાવી પોતાની જૈન પ્રજા છેવટે પોતાના જીવનને સાત્વિક ઓપ આપી શકે, તે અનંત સુખની અધિકારી બને અને તે આ સંસાર સાગરની પાર થવા જેટલું સામર્થ્ય ધારણ કરી શકે, તો તેમના જૈનત્વની જાહોજલાલી થાય. આવો તે મહાત્માઓનો આશય છે, તે આશયને લઈને તેઓએ આગમની ચમત્કારી રચના કરેલી છે. આપણે આ બધું ભુલી જઇએ છીએ, એ આપણા પોતાનીજ મૂર્ખતા છે. આપણે હવે સત્ય માર્ગ શોધવો જોઈએ. સાંપ્રતકાળે આપણી ધાર્મિક, આત્મિક અને વ્યવહારિક ઉન્નતિના ખરા રત્નો આ જમાનાના મહાસાગરમાંથી શોધી કાઢવા જોઇએ. આપણી ઉચ્ચ ભાવનાઓ ગાઢ અંધારામાં પડી છે, તેને આપણે જમાનાની શુદ્ધ જ્યોતિથી પ્રકાશમાં લાવવી જોઇએ. સાંપ્રતકાળના પ્રગતિમાન્ યુગમાં અન્ય પ્રજાઓની પેઠે આ ભારતવર્ષમાં આપણી જૈન પ્રજાને પ્રાગતિક સદ્વિચારોની બહુ આવશ્યક્તા છે તેને માટે આપણે તન, મન અને ધનથી પ્રયત્ન કરવો જોઈએ; તેથી આપણાં જૈન જીવનને નવીન ચૈતન્યબળથી પરિપૂર્ણ અને ઉન્નતશીલ કરનારી, તેને ઉન્નતિને માર્ગે દોરનારી, સ્થળે સ્થળે ઉત્સાહ, આશા, પ્રસન્નતા, ધૈર્ય અને દૃઢતા વગેરે અર્થો સાધવામાં સહાયકારક થનારી, પ્રભાવશાળી વિચારોને વિસ્તારનારી અને આપણા ઉછરતા નવયુવકોને તેમના જીવનમાં અમૂલ્ય તત્વોને ઉતારનારી, ઉન્નતિ સત્વર થાય એવું ઇચ્છી આ લેખને અહીં સમાપ્ત કરીએ છીએ.

V

# श्री सूक्त रत्नावली.

## ( મૂળ તથા રહસ્ય )

( ગત વર્ષના અંક ૫ મા ના પૃષ્ટ ૧૧૨ થી શરૂ )

मध्ये मेधाविनां मातृमुखानां[1] मानमर्हति ।
कोकिलान्तर्गताः काकाः, कोकिला एव यद्वशात् ॥५२॥

બુદ્ધિમાન્ પુરૂષોની વચ્ચે આવેલા મૂર્ખ લોકો પણ માનને લાયક થાય છે. કોકિલ પક્ષીઓની અંદર કાગડાઓ આવે તો તે કોકિલ પક્ષી જેવા ગણાય છે. ૫૨

न मौनं वाग्मिनां शस्तं, वाक्कलाकुशलात्मनाम् ।
अकूजन् कोकिलो लोकैः, काकोऽयमिति गीयते ॥५३॥

१ मूर्खाणाम्.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઓ વાણીની કલામાં કુશળ છે એવા વક્તાઓ છે, તેઓને મૌન રાખવું યુક્ત નથી. કોયલ પક્ષી જો બોલે નહીં તો લોકો તેને 'આ કાગડો' એમ કહ્યા વગર રહે નહીં. ૫૩

अल्पीयानप्यसत्सङ्गः, स्यादनर्थाय भूयसे ।
यवनैरेकशो भुक्तः, स्यादाजन्मान्वयाद्बहिः ॥५४॥

નઠારા માણસનો સંગ થોડો હોય તો પણ તે મોટો અનર્થ ઉત્પન્ન કરે છે. યવનોની સાથે એકવાર જ જમ્યો હોય તો પણ તે જન્મ સુધી જ્ઞાતિની બાહેર મુકાય છે. ૫૪

विकारं नैति जीवान्तं, कष्टमारोपितोऽपि सन् ।
यत्तापितमपि स्वर्णं वर्णं धत्ते मनोरमम् ॥५५॥

સજ્જન માણસને કષ્ટ આપવામાં આવે તો પણ તે જીવે ત્યાંસુધી વિકારને પામતો નથી. સુવર્ણને તપાવ્યું હોય તો પણ તે મનોહર રંગને ધારણ કરે છે. ૫૫

न करोति नरः पापमधीताऽल्पश्रुतोऽपि सन् ।
यद्भणन् रामरामेति, न कीरः पलालसः[1] ॥५६॥

માણસ થોડું સાંભળીને ભણ્યો હોય તો પણ તે પાપ કરતો નથી. 'રામ રામ' એમ પઢાવેલો પોપટ માંસ ખાવામાં લોલુપ બનતો નથી. ૫૬

वसन्नपि....[2]....पापो, न वेत्ति गुणिनां गुणान् ।
न तिष्ठन्नुदके भेको, गन्धं वेत्ति सरोरुहाम् ॥५७॥

પાપી માણસ ગુણીજનના સહવાસમાં રહેતો હોય તો પણ તે તેના ગુણને જાણી શકતો નથી. દેડકો હંમેશા જલમાં રહે છે, તો પણ તે કમળોના ગંધને જાણતો નથી. ૫૭

महस्विमिलनान्मन्दा, अपि स्युर्दुःसहाः सखे ! ।
जलं ज्वलनसंपृक्तं, दुःसहं ददृशे न कैः ? ॥५८॥

હે મિત્ર! મંદ પુરૂષો પણ તેજસ્વી જનોને મળવાથી દુ:સહ થઇ પડે છે. જલ અગ્નિની સાથે મળવાથી દુ:સહ થાય છે, એ કોનાથી અજાણ્યું છે ? ૫૮

परतः संपदं प्राप्य, सोत्कर्षा नीचगामिनः ।
लब्धतोयाः पयोवाहाद्दुस्तराः सरितो न किम् ? ॥५९॥

१ मांसलोलुपः २ अत्राक्षरद्वयं त्रुटितम् ; तच्च 'समं' इति भवेत् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[1]નીચગામી માણસો બીજા પાસેથી સંપત્તિ મેળવી ને ઉત્કર્ષ વાલા થાય છે. નદીઓ વરસાદ પાસેથી જળ મેળવી શું દુસ્તર નથી થતી ? ૫૯

न पदं संपदां मायः, कुलोत्पन्नोऽपि दुर्मनाः ।
अन्तर्वक्रोऽब्धिसूः शङ्खो, दृष्टो भिक्षाकृते भ्रमन् ॥६०॥

સારા કુલમાં ઉત્પન્ન થતો હોય પણ જો તેનું હ્રદય સારૂં ન હોય તો પ્રાયે કરી સંપત્તિવાલો થતો નથી. શંખ સમુદ્રમાંથી ઉત્પન્ન થયો છે, પણ અંદર વાંકો છે, તેથી તે ભીખ માગવા માટે ભટકતો જોવામાં આવે છે. ૬૦

भवेद्वस्तुविशेषेण, सुकृते दुष्कृते च धीः ।
ध्यानधीरक्षमालायां, प्रहारेच्छा च कार्मुके ॥६१॥

સારૂં કામ અને નઠારૂં કામ કરવાની બુદ્ધિ વસ્તુને લઈને થાય છે. જપમાળા હોય ત્યારે ધ્યાન કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને ધનુષ્ય હોય ત્યારે મારવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૬૧

૧ નદીઓ નીચા સ્થળમાં વહે છે, તેથી તે નીચગામી છે.

## રાવબહાદુર શેઠ નગીનદાસ ઝવેરચંદનો સ્વર્ગવાસ.

ઝવેરાતના ધંધામાં પ્રસિદ્ધ પામેલા મુખ્ય પુરૂષ અને સુરતના રહેવાશી તથા મુંબઇના આગેવાન ઝવેરી શેઠ નગીનદાસ ઝવેરચંદ ગયા રવીવારે શુમારે એકસઠ વર્ષની ઉંમરે મુંબઈખાતે પંચત્વ પામ્યા છે. પોતાના ઝવેરાતના ધંધા સાથે કીર્તિમાં સૌથી આગળ વધેલા હતા. સ્વભાવે સરલ, શાંત અને ધર્મવીર પુરૂષ હતા; ધાર્મિક અને સામાજિક કાર્યોમાં લાખો રૂપિયા ખરચ કરી એક ઉદાર નર તરીકે જાણીતા થયા હતા, વળી કેટલીક સાર્વજનિક ઉદારતાને લઇને શુમારે દસ વર્ષ પહેલાં નામદાર બ્રીટીશ સરકારે પણ તે કદર બુઝી રાવબહાદુરનો ખેતાબ એનાયત કર્યો હતો. ધર્મનાં અનેક કાર્યોમાં પણ દ્રવ્યનો સારો વ્યય કરેલ હતો. આવા એક પુરૂષનો સ્વર્ગવાસ થવાથી જૈન કોમને એક નરરત્નની ખોટ પડી છે. આ સભા તેને માટે સંપૂર્ણ દીલગીરી જાહેર કરે છે અને તેમના પવિત્ર આત્માને શાંતિ મળે તેમ પ્રાર્થના કરે છે; અને તેમના સુપુત્ર સૌભાગ્યચંદભાઇ તેઓશ્રીના શુભ પગલે ચાલી સમાજ અને કોમસેવાના કાર્યો કરી તેઓશ્રીની કીર્તિમાં વધારો કરશે એમ ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાયેલા ગ્રંથોના નામ.

૧ સુકૃત સંકીર્તન મહાકાવ્ય સી. ડી. દલાલ લેખિત ઇંગ્લીશ પ્રસ્તાવના સાથે. ૦–૬–૦

૨ સામાચારી પ્રકરણ સટીક. ૦–૮–૦

૩ કુમારપાળ ચરિત્ર. ૦–૮–૦

૪ મહાવીર ચરિત્ર પ્રાકૃત. ૦-૧૩-૦

૫ કૌમુદીમિત્રાણંદ નાટક. ૦–૬–૦

૬ પ્રબુદ્ધ રૌહિણેય નાટક. ૦–૫–૦

૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ (પ્રથમ ભાગ) ૦–૮–૦

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

૧ ધર્માભ્યુદય નાટક, સૂક્તમુક્તાવળી. ૦–૪–૦

૨ પંચનિગ્રંથી પ્રજ્ઞાપના તૃતીયપાદ-સંગ્રહણી સટીક. ૦–૪–૦

૩ રત્નશેખરી કથા. (પ્રાકૃત) ૦–૪–૦

૪ દાનપ્રદીપ. ૨–૦–૦

૫ બૃહત સંઘયણિ મોટી ટીકા. ૧-૧૨-૦

૬ શ્રાદ્ધવિધિ.

૭ ષડ્દર્શન સમુચ્ચય.

## છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.

૨ સત્તરિસય ઠાણ. શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.

૩ સુમુખનૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.

૪ ચૈત્યવંદન મહાભાષ્ય.

૫ ધર્મપરીક્ષા. જામનગરવાળી બેન મણી ત.

૬ જૈન મેઘદૂત સટીક.

૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ

૮ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.

૯ દ્રૌપદી સ્વયંવર નાટક.

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.

૨ ષટ્સ્થાનક સટીક.

૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.

૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.

૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક.

૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.

૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.

૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.

૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.

૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.

૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.

૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.

૧૩ ધાતુ પારાયણ.

## આગમો છપાવવાની થયેલ યોજના.

१ अंतगडदशासूत्र सटीक.

२ अनुत्तरोववाईसूत्र सटीक.

३ उपासकदशांग सटीक.

४ नंदिसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे.

## પુસ્તક પહોચ.

૧ આદિપુરાણ સમિક્ષા પ્રથમ ભાગ ૦–૪–૦ બાબુ ચંદ્રસેન જૈન વૈદ્ય ઇટાવહ.

૨ સસ્તા ભાડાની ચાલીઓ માટેનો પત્રવ્હેવાર એન. બી. શાહ મુંબઇ.

—:o:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાઇ બહાર પડયો છે.

( ગુર્જર ભાષાંતર ) **શ્રીભગવતી સૂત્ર.** ( પ્રથમગુચ્છ )

કિંમત રૂા. ૨-૮-૦ ટપાલખર્ચ જુદું.

**આ સૂત્રના વાંચન વખતે સોનામોહોરોની પ્રભાવનાઓ થઇ છે, જ્યારે શું તમારા ઘરમાં તેનો સંગ્રહ ન જોઇએ ?**

શ્રીજૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપરજ લખાણી છે. ભગવાન્ શ્રીજિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો, અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીર પ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમુલ્ય શીક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે. તે સૂત્રોમાં ઉપદેશોના સંગ્રહરૂપ ભંડારો ભરેલાં છે, અને તેમના દરેક વાક્ય, દરેક શબ્દ અને દરેક અક્ષર જ્ઞાનામૃતથી ભરપૂર છે.

સાંપ્રતકાલે જૈનોના પીસ્તાળીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે **ભગવતી સૂત્ર**ની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્વોનુ યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમ સ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે. તેમજ તે સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ ચતુર્વિધ સંઘના સર્વસ્વ ધનનો મોટો ખજાનો છે. આ પંચમાંગરૂપ ભગવતીસૂત્રમાં એકસોથી અધિક શતક છે. તેની અંદર દશ હજાર ઉદ્દેશો છે. જે ઉદ્દેશોની અંદર એકંદર છત્રીશ હજાર પ્રશ્નો આવે છે. પ્રત્યેક શતકની અંદર દશ દશ ઉદ્દેશો આવે છે.

આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેનાં જીવ પોતે કરેલા દુઃખને વેદવા સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ–ભેદના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં " પૃથ્વીઓ કેટલી છે ? " એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠો યાવત્ ઉદ્દેષ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે :સુર્ય રહેલો છે. તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉપ્તન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમાં બાલ નામના ઉદ્દેશમાં " મનુષ્ય એકાંત બાલક છે કે કેમ " ? એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમાં ગુરૂત્વના ઉદ્દેશમાં " જીવો કેવી રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે." ? ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમાં ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચલિત છે. ચાલતું નથી" ઇત્યાદિ પ્રશ્નોનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઇ શાહ. ભાવનગર**

For Private And Personal Use Only